# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૦ અંક : ૧ ૧૫-૮-૨૦૦૯ સળંગ અંક : ૨૧૬

સંપાદકો

**પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી**

## सम्पादकीय

### वैश्वीकरण और शिक्षण-प्रशिक्षण

जैसे-तैसे ग्लोबलाइजेशन (वैश्वीकरण) की जड़ें मजबूत होती जा रही हैं वैसे-वैसे शिक्षण-प्रशिक्षण को लेकर वैश्विक एकरूपता का दायरा भी लगातार बढ़ता जा रहा है। सूचना और तकनीक के बीच तालमेल भी निरन्तर जारी है। दुनिया का हर कोना, हरेक देश एक-दूसरे की तकनीकों से कमोवेश वाकिफ है और सूचनाओं का आदान-प्रदान हो रहा है । इस स्थिति में सभ्यता और संस्कृतियों की पहचान और स्वायत्तता, विशिष्टता का सवाल भी हमारे सामने आया है। युवा पीढ़ी का झुकाव सहज रूप से सूचना-तकनीक, विज्ञान-वाणिज्य आदि क्षेत्रों की ओर अपेक्षाकृत अधिक हुआ है और दर्शन, साहित्य, कला आदि की तरफ के झुकाव में कमी दिखाई देती है । वैज्ञानिक प्रगति की खुशी और उपलब्धियों के बीच यह एक चिन्ताजनक स्थिति की ओर भी संकेत है । कारण कि, किसी भी राष्ट्र, संस्कृति या सभ्यता की धरोहर के ज्ञान के लिए गैरतकनीकी विषयों का पठन-पाठन भी काफी जरूरी है। स्वतंत्र रूप से राष्ट्रीय और सांस्कृतिक पहचान के लिए भी यह आवश्यक लगता है। बेशक, हम भले ही अंतरिक्ष में बसने की तैयारी कर रहे हों लेकिन हमारी अपनी जमीन और जड़ों से भी हमें वाकिफ रहना होगा। कहने का आशय यही है कि शिक्षण-प्रशिक्षण के स्तर पर तकनीकी विषयों की जानकारी के साथ-साथ साहित्य, कला, दर्शन, इतिहास का भी थोड़ा-बहुत ज्ञान हो जिससे दोनों का संगम सोने में सुहागे का काम करे।

विभिन्न ज्ञानानुशासनों और संकायों में प्रतिवर्ष प्रविष्ट होने वाले छात्र-छात्राओं की संख्या के आंकड़ों से पता चलता है कि विज्ञान, सूचना, तकनीक, वाणिज्य आदि क्षेत्रों में युवा पीढ़ी ने बढ़त हासिल की है जो कि स्वाभाविक भी है। दूसरी ओर, भाषा-साहित्य, दर्शन आदि क्षेत्रों में छात्र-छात्राओं की संख्या में कुछ कमी आई है । इस चिन्ता का निवारण किसी खास तरह की शिक्षा-पद्धति को थोपकर भी नहीं किया जा सकता बल्कि हमें अपनी अंतरात्मा की आवाज़ पर यह तय करना है कि हम अपनी विरासत से भी सरोकार रखें या नहीं !! इसको लेकर अलग-अलग सोच भी हो सकती है, लेकिन वैश्वीकरण की एकरूपता में निजता को बरकरार रखना भी संभवतः उतना ही महत्वपूर्ण है। अमेरिका, जर्मनी, चीन, जापान जैसे देशों की गणना वैज्ञानिक-तकनीकी क्षेत्र में अग्रगण्य देशों में होती रही है तो भारत जैसे देश को अपनी राष्ट्रीय अस्मिता और सांस्कृतिक लाक्षणिकताओं के लिए जाना जाता रहा है। क्या हम कोई ऐसी सर्वसम्मत पद्धति विकसित नहीं कर सकते जो दोनों दृष्टियों से समूची मानवता के लिए अनुकूल हो!! रास्ता संभवतः यही हो सकता है कि इस भूमंडलीकरण के दौर और ग्लोबल विलेज की संकल्पना के साथ-साथ तकनीकी और गैर-तकनीकी विषयों का पठन-पाठन यथासंभव रूप से किया जाय। हर क्षेत्र में रुचि के अनुरूप मुख्य एवं गौण विषयों के रूप में अध्ययन-क्षेत्र का दायरा कुछ विस्तृत किया जाय ताकि आने वाला भविष्य अपने अतीत को भी सहेज कर रख सके। हमें नहीं भूलना है कि अतीत ने हमारा वर्तमान तय किया है और वर्तमान हमारा भविष्य तय करेगा। आजीविका और अर्थकेन्द्रित समाज व्यवस्था के समानान्तर चिन्तन और विचारकेन्द्रित व्यवस्था भी हमें संचालित करने के लिए आवश्यक जान पड़ती है। इसलिए, ज्ञान-शिक्षा की पद्धतियों को ज्ञानार्थी की सफलता-असफलता के मानदंडों से अलग रखकर भी इतर ज्ञान के तौर पर कुछ पद्धतियों का विकास करना हितावह प्रतीत होता है।

**- मदनमोहन शर्मा**

**सारे जहाँ से अच्छा हिन्दोस्तां हमारा**

स्वतंत्रता दिवस की शुभकामनाएँ

સ્વાતંત્ર્યદિન મુબારક

Happy Independence Day

## Teaching - Learning

➢ સરદાર પટેલ યુનિવર્સિટીના **ભાઈકાકા ગ્રંથાલયમાં** તા. ૩-૭-૨૦૦૯ના રોજ **ગ્રંથાલય અભિમુખતા તથા માહિતીની જાણકારી બાબતનો કાર્યક્રમ** યોજવામાં આવ્યો હતો. આ માહિતી અને ગ્રંથાલય અભિમુખતાનો કાર્યક્રમ અનુસ્નાતક વિભાગોના વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સંશોધનકર્તા અને અધ્યાપકોને તેમના ભાઈકાકા ગ્રંથાલયમાંની વાંચનસામગ્રી અને સેવાઓ બાબતે મદદગાર નીવડશે.

ભાઈકાકા ગ્રંથાલયના ગ્રંથપાલશ્રીએ સૌ પ્રથમ અભિમુખતા ક્ષેત્રે કદમ ઉઠાવી ગ્રંથાલયથી વિદ્યાર્થીઓ પરિચિત થાય તે બાબતે લાઈવ ડેમોન્સ્ટ્રેશન ભાઈકાકા લાયબ્રેરીના કર્મચારીગણના સહયોગથી તૈયાર કર્યું હતું. જેમાં ભાઈકાકા લાયબ્રેરી વિશેની માહિતીના સંદર્ભમાં કેટલી વાંચન સામગ્રી છે ? કેટલા સંદર્ભગ્રંથો તથા સામયિકો છે તેની જાણકારી આપવામાં આવી. તથા તેનો કઈ રીતે વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થઈ શકે તે વિશેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી. વિશેષમાં ડેલનેટ ઈન્ફલીબનેટ ઈન્ડકેટનો વિદ્યાર્થીઓએ કેવી રીતે ઉપયોગ કરવો તેનુ લાઈવ ડેમોન્સ્ટ્રેશન વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ભાઈકાકા લાયબ્રેરીના આંતરિક વિભાગોમાં થતી કામગીરી બાબતે સ્થળ ઉપર જાણકારી આપવામાં આવી હતી. આ અભિમુખતા કાર્યક્રમમાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રોગ્રામ જુલાઈ-ઓગષ્ટ ૨૦૦૯ સુધી ચાલુ રહેશે. અને તમામ અનુસ્નાતક વિભાગોનો વિદ્યાર્થીઓને ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમનો લાભ લેવા જણાવાયું છે.

## Research

➢ **Dr. (Mrs.) Sonal Bhatt**, who works as a Lecturer in the Post Graduate Department of Economics, Sardar Patel University, **completed the Refresher Course in Public Finance** for University/ College Teachers organized at the National institute of Public Finance and Policy, New Delhi during May 25 to June 19, 2009. She was awarded the Second Prize for her paper on "User Charges for Water : A Review of Principles and Practices", which was submitted as part of the Course.

## Extension

➢ આણંદ સ્થિત સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ**માં તાજેતરમાં એચ.સી.એલ ઈન્ફોસીસ દ્વારા બી.સી.એ. અને બી.બી.એ. (આઈટીએમ)ના વિદ્યાર્થીઓનો **કેમ્પસ ઈન્ટરવ્યુ** યોજાઈ ગયો. કંપની તરફથી ચીફ એકઝીક્યુટીવ શ્રી મણિકંદન મધુસૂદન અને આઈ.ટી. તજ્જ્ઞ શ્રી ચેતન શાહ હાજર રહ્યા હતા. ગુજરાતમાં વિવિધ સ્થળોએ આવેલી એચ.સી.એલ.ની શાખાઓ માટે ૮ વિદ્યાર્થી ઉમેદવારોની એમણે પસંદગી કરી હતી.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ બીબીએ, બીબીએ આઈટીએમ, બીસીએ અને બીકોમના વિદ્યાર્થીઓ માટે **અભિમુખતા કાર્યક્રમ**નું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં કોલેજ ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર, પ્રોફેસર ગણ અને કોલેજના વાતાવરણ અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમના વક્તા તરીકે સાઈકોલોજી વિભાગના નિવૃત પ્રોફેસર શ્રી સુધીર મુખર્જી, જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી કમલેશ પરીખ, ઈરમાના આઈટી ડીપાર્ટમેન્ટના વડા શ્રી હરીકૃષ્ણા મિશ્રા, ડીડીઆઈટી કોલેજના ઈલેક્ટ્રોનિક્સ ડીપાર્ટમેન્ટના વડા પ્રો. નિખિલ કોઠારી અને જાણીતા આત્રપ્રેનીયર ધી શીલ ધોળકીયાએ વલ્લભ વિદ્યાનગર તથા ચારુતર વિદ્યામંડળ વિશે માહિતગાર કરી આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

➢ આણંદ મર્કન્ટાઈલ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત **આણંદ મર્કન્ટાઈલ કોલેજ**માં ગુરુવાર તા. ૯-૭-૨૦૦૯ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે શ્રી રમણકાકાએ વિદ્યાર્થીઓને સંકલ્પશક્તિ, આધ્યાત્મિક શક્તિ, મનની શક્તિ, ધ્યેય તથા વિવેકનું યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **વે-મેઈડ એજ્યુકેશન**માં **ગુરુ પૂર્ણિમાની ઉજવણી** મહાવિદ્યાલયના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. આ મંગળ દિને પ્રશિક્ષણાર્થી વિદ્યાર્થીઓ દ્વારા જીવનમાં ગુરુના મહત્વ અને ગુરુ-શિષ્યને લગતાં વિવિધ પ્રસંગો અને વાર્તાઓ રજૂ કરવામાં આવી હતી. આચાર્યા ડૉ. સુલભા નટરાજ તથા શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીઓને વર્ગશિક્ષણથી શિક્ષકની ભૂમિકાનું વિસ્તરણ કરવા આહ્વાન આપ્યું હતું.

તદુપરાંત, મહાવિદ્યાલય દ્વારા **એક દિવસીય 'સ્વ-જાગૃતિ'ના કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય, હરિદ્વારના નિષ્ણાંતો દ્વારા પ્રશિક્ષણાર્થીઓને વિવિધ આસનો શીખવાડીને યોગભ્યાસ કરવામાં આવ્યો હતો.

▶ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં વિપિનભાઈ પંડ્યા, નિવૃત્ત આચાર્ય-સરદાર પટેલ હાઈસ્કૂલ, ખેતીવાડી-આણંદના મુખ્ય મહેમાન પદે **ગુરુપૂર્ણિમા ઉજવણી કાર્યક્રમ** યોજાયો.

મુખ્ય મહેમાન શ્રી વિપિનભાઈ પંડ્યાએ ગુરુ અને શિષ્યના સંબંધના કમળને ખીલવવાનું પર્વ ગણાવ્યું હતું. ગુરુ-શિષ્ય વચ્ચે પ્રેમના સંબંધની રજૂઆત કાવ્યપંક્તિ દ્વારા કરી હતી.

▶ શ્રી રામકૃષ્ણ સંવા મંડળ સંચાલિત, **આણંદ કોમર્સ કોલેજ**માં BBA Foreign તથા BBA General ના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં બાર દિવસ માટે **સ્પોકન ઈંગ્લીશ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ કાર્યક્રમ** યોજાયો હતો. એનુ સંચાલન ડૉ. એચ. કે. મહેતાએ કર્યું હતું.

▶ શ્રી રામકૃષ્ણ સંવા મંડળ સંચાલિત, **આણંદ કોમર્સ કોલેજ**માં એન.એસ.એસ. અને એન.સી.સી. યુનિટના સંયુક્ત ઉપક્રમે **ડિઝાસ્ટર રીસ્ક મેનેજમેન્ટ પ્રોગ્રામ** યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા શ્રી બીલખીયાએ આપત્તિના પ્રકારો, કુદરતી આપત્તિ આવવાના કારણો, ઉપાયો, પુનઃપ્રાણસંચાર પ્રક્રિયા વગેરે અંગે માહિતીસભર વ્યાખ્યાન આપી મોકડ્રીલ અને પ્રદર્શન કર્યું. સમગ્ર સંચાલન પ્રા. ડૉ. કે.વી. સોલંકીએ કર્યું હતું.

▶ શ્રી રામકૃષ્ણ સંવા મંડળ સંચાલિત, **આણંદ એજ્યુકેશન કોલેજ**માં **સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત** તા. ૯-૭-૨૦૦૯ને ગુરુવારના રોજ **ડિઝાસ્ટર મેનેજમેન્ટ** કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય વક્તા શ્રી રફીક ભાઈએ ડિઝાસ્ટર મેનેજમેન્ટનો ટૂંકમાં પરિચય આપી. આપત્તિ એટલે શું ? તેની સમજ આપી કુદરતી અને માનવસર્જિત આપત્તિઓનું વ્યવસ્થાપન કરવા વિશે ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. પૂર, ધરતી કંપ, વાવાઝોડું, આગ લાગવી, સાપ કરડવો જેવી આપત્તિઓ વખતે કેવી રીતે બચાવ કરી શકાય તેની વિસ્તૃત માહિતી આપી હતી પૂરથી બચવા માટે લાઈફ જેકેટ અને લાઈફ રીંગનું નિદર્શન કર્યું હતું.

▶ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત, **આણંદ એજ્યુકેશન કોલેજ** તથા રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તથા **સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત** તા. ૧૭-૭-૨૦૦૯ને શુક્રવારના રોજ **થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ** યોજાયો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય વક્તા શ્રી હિનાબેન પરમારે રેડક્રોસ સોસાયટીની વિસ્તૃત જાણકરી સાથે આ સંસ્થા થેલેસેમિયા પ્રોજેક્ટ પર કામ કરે છે તેની વાત કરી. આજે ૧૦૦માંથી ૪ ટકા લોકો થેલેસેમિયા માઈનર છે અને ગુજરાતમાં ૧૦૦૦૦ છોકરાઓ મેજર રીપોર્ટ ધરાવે છે અને મેઝર બાળકને ૧૨૦ દિવસે લોહી ચઢાવવું પડે છે, બદલવું પડે છે. તેની જાણકારી બહેનોને આપી હતી. આ કાર્યક્રમમાં તમામ તાલીમાર્થી બહેનોનો થેલેસેમીયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

▶ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ ઓફ એજ્યુકેશન** અને **વિ.જે. પટેલ પ્રેક્ટિસિંગ હાઈસ્કૂલ**ના સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના કેમ્પસમાં **વનીકરણ મહોત્સવ તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગ રૂપે વૃક્ષારોપણ કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તથા માનદમંત્રી શ્રી ભીખુભાઈ પટેલે સ્વર્ણિમ ગુજરાત ઉજવણીની સપ્તધારા અન્વયે વૃક્ષારોપણ કર્યું હતું અન કોલેજના તાલિમાર્થીએ વૃક્ષોના ઉછેરની જવાબદારી સોંપી પર્યાવરણ જાગૃતિની જવાબદારી લેવાની હાકલ કરી સમાજનું ઋણ અદા કરવા પ્રેરિત કર્યા હતા. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. ફકીરભાઈ પટેલ, આચાર્ય ડૉ. ડી. યુ. પટેલ તથા સમગ્ર કોલેજ પરિવારે વિવિધ ધારાઓ અન્વયે વૃક્ષારોપણ કર્યું હતું. ત્યારબાદ સામુદાયિક સંવાધારા અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સપ્તધારા કાર્યક્રમના કન્વીનર ડૉ. જે. જે. રાણાના માર્ગદર્શન હેઠળ શહિદ ભગતસિંહના સ્ટેચ્યુની સફાઈ તથા કુમકુમ તિલક અને કુલહાર કરી શહિદ ભગતસિંહને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ પર્યાવરણ જાગૃતિ, બેટી બચાઓ અભિયાન, કેન્સર મુક્તિ, એઈડ્ઝ અવેરનેસ તથા નિર્મળગુજરાત અન્વયે વિવિધ બેનરો સાથે સુત્રોચ્ચાર કરતાં તાલિમાર્થીઓ તેમજ વિ.જે. પટેલ પ્રેક્ટિસિંગ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની મહારેલી શહેરના રાજમાર્ગ પર ફરી હતી. અને સમાજને આ દિશામાં વિચારતા કરવાનો સંદેશો વહેતો મુકયો હતો.

▶ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત **બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ**માં **બેન્ક ઓફ બરોડા એ ૧૦૧ વર્ષ પૂરાં કર્યા તે નિમિત્તે સ્થાપના દિવસની ઉજવણી**ના ભાગરૂપે એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન તા. ૧૮-૭-૨૦૦૯નાં રોજ કોલેજના આચાર્યશ્રી એન.એલ. સંઘવીના પ્રમુખસ્થાને ચિંતન હોલમાં કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત પ્રસંગે અતિથિ વિશેષ તરીકે બેન્ક ઓફ બરોડા, અમદાવાદ શાખાના સીનિયર મેનેજરશ્રી એસ.આર.મહેતાએ ઉપસ્થિત રહ્યા હતા. બેન્ક ઓફ બરોડા, વલ્લભ વિદ્યાનગર શાખાના ચીફ મેનેજર શ્રી આર. એસ. માને બેન્ક ઓફ બરોડાનો ઈતિહાસ રજૂ કરી આજ સુધીના ૧૦૦ વર્ષની બેન્કની પ્રગતિનો અહેવાલ આપ્યો હતો.

આ વક્તૃત્વ સ્પર્ધામાં બી.જે.વી.એમ. કોલેજ, સેમકોમ, સી.ઝેડ. પટેલ કોલેજ તથા નલિની આર્ટ્સ કોલેજના ૧૬ સ્પર્ધકોએ ‘૨૧મી સદીનું બેકીંગ તેની ખૂબીઓ અને ખામીઓ’ વિષય ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા. શ્રી કૃષ્ણ દેવભાણકર (નિવૃત્ત અધ્યાપક, એમ.કોમ. ડીપાર્ટમેન્ટ), પ્રા. શ્રીમતિ દર્શનાબેન દવે (અધ્યાપિકા-એમ.બી.એ. વિભાગ) તથા એસ.આર. મહેતા (બેન્ક ઓફ બરોડા, અમદાવાદ) એ પોતાની સેવાઓ આપી હતી. સ્પર્ધાના અને નીચેના પ્રથમ ત્રણ સ્પર્ધકોને બેન્ક ઓફ બરોડા તરફથી રોકડ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી હતી.

૧. પ્રથમ ઈનામ : શોભના મેનન (સેમકોમ કોલેજ)
રૂા. ૧૦૦૦/-

૨. દ્વિતીય ઈનામ : હરીકૃષ્ણ જાજલ (બી.જે.વી.એમ. કોલેજ)
રૂા. ૫૦૦/-

૩. ત્રીજું ઈનામ : ૧. ફાતીમા રતલામી (સી.ઝેડ. કોલેજ)
રૂા. ૨૫૦/-

૨. જાસ્મીન કોર નેગી (બી.જે.વી.એમ. કોલેજ)
રૂા. ૨૫૦/-

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** અને **સી.સી. પટેલ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર**ના સંયુક્ત ઉપક્રમે **વિશ્વજન સંખ્યા દિવસ અંતર્ગત જાગરૂકતા કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ ડૉ. કમલનયન જોષીપુરાએ વિશ્વવસ્તી દિન ઉજવણી પાછળના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણની ચર્ચા કરી હતી. તેમણે આ વખતના વિશ્વવસ્તી દિન ઉજવણીની થી 'ફાઈટ પોવર્ટી, એડ્યુકેટ વિમેન' પર ભાર મૂક્યો હતો. અને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા ભાવિ શિક્ષકોને અનુરોધ કર્યો હતો. સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત સપ્તધારામાં સર્જનાત્મકતા અભિવ્યક્તિ દ્વારા અંતર્ગત પ્રશિક્ષણાર્થી કવિતાબેન પારેખ તથા સુનીલભાઈ શ્રીમાલીએ સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું. જ્ઞાનધારા અંતર્ગત ડૉ. મોહનભાઈ પટેલે વિશ્વવસ્તી દિન સંદર્ભે તેમની આગવી શૈલીમાં ભારત અને નેધરલેન્ડના વસ્તીદરને ટાંકી સંશોધન આધારિત વકતવ્ય આપ્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સંવા મંડળ સંચાલિત, **આણંદ એજ્યુકેશન કોલેજ** તથા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત સરદાર પટેલ હાઈસ્કૂલ, ખેતીવાડી, આણંદના આચાર્યશ્રી કેતનભાઈ ગાંધીના મહેમાન પદે **વિશ્વ વસ્તી દિન કાર્યક્રમ** તા. ૧૧-૭-૦૯ને શનિવારના રોજ યોજાયો.

આ કાર્યક્રમમાં વસ્તી શિક્ષણ એટલે શું ? અને વસ્તી શિક્ષણની જરૂરિયાત તથા પ્રવૃત્તિઓ વિશેની વિસ્તૃત સમજ આપતા વકતવ્ય તાલીમાર્થ બહેનો અમીતાબેન ખ્રિસ્તી, કુમુદબેન વણકર અને પલક બેન મેકવાને રજૂ કર્યા હતા.

ચાલુ વર્ષ દરમ્યાન યોજાયેલ **પોસ્ટર સ્પર્ધા**નું પરિણામ ડૉ. પિનાકીન યાજ્ઞિકે રજૂ કર્યું. પ્રથમ નંબરે રોશની એલ. વસાવા, બીજા નંબરે સ્નેહલ રાઠોડ અને ત્રીજા નંબરે સુષ્મા પરમાર તથા કિંજલ સેવક આવ્યા હતા.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં ગુજરાત સરકારના **સ્વર્ણિમ ગુજરાત અભિયાન અંતર્ગત** જ્ઞાનધારાના ઈન્ચાર્જ પ્રા. ડૉ. પ્રફુલ્લા સી. અમીનના માર્ગદર્શન નીચે **ડૉ. હિંમતભાઈ પટેલનું વ્યાખ્યાન** યોજાયું હતું. ડૉ. હિંમતભાઈ પટેલે **'વસ્તીનું વળતર' (ડેમોગ્રાફીક ડિવીડન્ડ)** પર તજજ્ઞીય વકતવ્ય આપ્યુ હતું. ડૉ. હિંમતભાઈ પટેલે વસ્તીની ગુણવત્તા ઉપર ભાર મૂકતા કહ્યું કે વસ્તી વધારાને માનવસંશાધનમાં પરિવર્તિત કરી ગુણવત્તાને જાળવી રાખવાથી વિકાસનો દર વધારી શકાય છે.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત, **આણંદ કોમર્સ કોલેજ** અંતર્ગત ચાલતા એફ.વાય.બી.બી.એ. (ફોરેન ટ્રેડ) તથા એફ.વાય.બી.બી.એ. (જનરલ)ના વિદ્યાર્થીઓ માટે તા. ૧૬-૭-૨૦૦૯નાં રોજ **અભિમુખતા કાર્યક્રમ** યોજાઈ ગયો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને શ્રી રામકૃષ્ણ સેવામંડળના માનદમંત્રી શ્રી જ્યોત્સનાબેન પટેલ તેમજ મુખ્ય મહેમાન પદે વોર્મસ્ટ્રિમ કંપનીના મેનેજીંગ ડિરેકટર શ્રી જયંતીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, આણંદની **સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ** દ્વારા બી.સી.એ. એન્ડ બી.બી.એ. (આઈ.ટી.એમ.)ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે **વેલકમ પાર્ટી**નું આયોજન તા. ૧૪ જુલાઈ ૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ભીખુભાઈ પટેલ, કેમ્પસ ડાયરેકટર શ્રી ડૉ. ફકીરભાઈ પટેલ તથા શ્રી કનુભાઈ પટેલ, બી.એડ્ કોલેજના આચાર્ય શ્રી ડૉ. ડી.યુ. પટેલ, ડૉ. બી.પી. ભુવા અને કોલેજનો સ્ટાફ હાજર રહ્યો હતો.

➤ **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં તા. ૧૬-૭-૨૦૦૯ના રોજ વીમેન સેલ અંતર્ગત એક **અભિમુખતા કાર્યક્રમ** યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના અધ્યાપકો ડૉ. ઉષાબહેન ખેર, ડૉ. મંજુલાબહેન પટેલ, ડૉ. એ.કે. શાહે તેમજ પ્રશિક્ષણાર્થી પ્રીતિ રાણાએ પ્રસંગોચિત વકતવ્યો આપ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રશિક્ષણાર્થીબેન અંજલિ ચોરસિયાએ કર્યું હતું.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં **શિક્ષણાર્થીઓના પ્રતિનિધિમંડળની ચુંટણી** લોકશાહી ઢબે કરવામાં આવી હતી.

- સરદાર પટેલ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના વડા **ડૉ. મનોજ સોની**ની ગુજરાત સરકારે **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂંક** કરી છે. સરદાર પટેલ યુનિવર્સિટી પરિવાર મનોજભાઈને હાર્દિક શુભેચ્છા ઓ પાઠવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. મનોજ સોનીએ આ પૂર્વે એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના કુલપતિ તરીકે પણ સેવાઓ આપી તેઓ એ સમયે સૌથી યુવા કુલપતિ હતા.
- સરદાર પટેલ યુનિવર્સિટીમાં યુ.જી.સી. ફન્ડેડ સ્વાયત્ત **એકેડેમિક સ્ટાફ કોલેજ** કાર્યરત થઈ ગઈ છે. હાલમાં એના **કાર્યકારી ઓનરરી ડાયરેકટર તરીકે અનુસ્નાતક ગુજરાતી વિભાગના પ્રો. નરેશ એલ. વેદની નિમણૂંક** થઈ છે. આ કોલેજના **ઓનરરી ડેપ્યુટી ડાયરેકટ તરીકે અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગના પ્રો. અરવિન્દભાઈ પટેલની નિમણૂંક** થઈ છે.

બન્નેને અભિનંદન !!

## GOVERNANCE

### નિમણૂંક

**ભારતના રાષ્ટ્રપતિએ** સરદાર પટેલ યુનિવર્સિટીના સિનિયર સેનેટ અને સિન્ડિકેટ સભ્ય **શ્રી ડી.સી. પટેલની નિમણૂંક** તાજેતરમા **બનારસ હિન્દુ યુનિવર્સિટી (સેન્ટ્રલ યુનિવર્સિટી) ના કોર્ટ (સેનેટ) ના સભ્ય તરીકે** કરી છે. સમગ્ર યુનિવર્સિટી પરિવાર એમને અભિનંદન પાઠવે છે.

**પૂ. ભાઈકાકા અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)ના ચેર પર્સન તરીકે** નલિની અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજના વ્યાખ્યાતા **ડૉ. ભાનુભાઈ એમ. પરમાર**ની નિમણૂંક ૧ સપ્ટમ્બર ૨૦૦૯થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે. તેઓ આ ચેરના વર્તમાન અધ્યક્ષ ડૉ. પલ્લવીબહેન પટેલ, પ્રોફેસર (અનુસ્નાતક શિક્ષણ વિભાગ)ના અનુગામી બનશે.

**પૂજ્ય શ્રી મોટા શિક્ષણ ચિંતન વિસ્તરણ પીઠના ચેર પર્સન તરીકે** અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના **ડૉ. એમ. કે. યાજ્ઞિક**ની નિમણૂંક આગામી ૧ સપ્ટેમ્બર ૨૦૦૯થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે. તેઓ પ્રવર્તમાન ચેરપર્સન ડૉ. એન.આર. પટેલ (આચાર્ય, એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન)ના અનુગામી બનશે.

**ચારુતર વિદ્યામંડળ સેન્ટર ફોર ગાંધીયન સ્ટડીઝના ચેર પર્સન** તરીકે અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના વડા **ડૉ. આમ્રપાલી મર્ચન્ટ**ની નિમણૂંક આગામી ૧ સપ્ટેમ્બર ૨૦૦૯ થી ૪ ડિસેમ્બર ૨૦૧૦ સુધી કરવામાં આવી છે. તેઓ હાલના ચેરપર્સન ડૉ. એન.આર. પરમાર (આચાર્યશ્રી, નલિની અરવિન્દ આર્ટ્સ કોલેજ)ના અનુગામી બનશે.

**યુનિવર્સિટી પરિવારમાં વ્યાખ્યાતા સહાયક તરીકે હંગામી ધોરણે જોડાયા**

૧. શ્રી રવિકાન્ત રતિલાલ સોલંકી (અનુસ્નાતક અંગ્રેજી વિભાગ)

૨. શ્રી વિશાલ દિનેશભાઈ પંડ્યા (અનુસ્નાતક અંગ્રેજી વિભાગ)

૩. શ્રીમતી સંઘમિત્રા આર. પ્રભાકર (અનુ. એમ.એસ.ડબલ્યુ વિભાગ)

૪. શ્રીમતી પ્રતીકા એસ. ગુપ્તારોય (અનુ. એમ.એસ.ડબલ્યુ વિભાગ)

૫. કુ. પનમ સિંધ (અનુ. એમ.એસ.ડબલ્યુ વિભાગ)

૬. કુ. નિશા આર. સંઘવાન (અનુ. એમ.એસ.ડબલ્યુ વિભાગ)

**ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે હંગામી ધોરણે જોડાયા**

૧. કુ. રૂહી એન. પુજાની (અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગ)

૨. શ્રી મનોજકુમાર એમ. ચૌહાણ (અનુસ્નાતક અંગ્રેજી વિભાગ)

**નૂતન નામકરણ**

૧. **સંસ્થાનું હાલનું નામ :** કોલેજ ઓફ ફિઝીયોથેરાપી (આણંદ અર્બન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત)

**નવું નામ :** શ્રી બાબુભાઈ ગીરધરભાઈ પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી

૨. **સંસ્થાનું હાલનું નામ :** સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન (ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર સંચાલિત, અરવિન્દભાઈ પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ એન્વાયરોમેન્ટલ ડિઝાઈનમાં કાર્યરત)

**નવું નામ :** ડૉ. એચ. એમ. પટેલ સ્કૂલ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન

૩. એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ અંતર્ગત ચાલતા ચાર એમ.એસસી. અભ્યાસક્રમો હવેથી અલગ રીતે **'શ્રી અલ્પેશ નવીનચંદ્ર પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યુટ, આણંદ'** તરીકે ઓળખાશે.

૪. હવેથી **અનુસ્નાતક કોમ્પ્યુટર સાયન્સ વિભાગ તથા અનુસ્નાતક એમ.બી.એ. વિભાગ**ના વડા - **'ડાયરેક્ટર'** તરીકે ઓળખાશે.

આપણા યુનિવર્સિટી પરિવારમાંથી નીચે દર્શાવેલ **મહાનુભાવો ૧૪ જૂન ૨૦૧૦થી નિવૃત્ત થશે.**

૧. ડૉ. હરિકૃષ્ણ ચંદુલાલ ત્રિવેદી (જન્મ તા. ૨૫-૧-૧૯૪૮)

પ્રોફેસર, અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ

૨. ડૉ. મંગળદાસ કાલિદાસ પટેલ (જન્મ તા. ૨-૩-૧૯૪૮)

પ્રોફેસર અને વડા, અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ

૩. ડૉ. નરેશચંદ્ર લક્ષ્મીદાસ વેદ (જન્મ તા. ૩-૩-૧૯૪૮)

પ્રોફેસર, અનુસ્નાતક ગુજરાતી વિભાગ

૪. ડૉ. જયેન્દ્રસિંહ એસ. પનવાર (જન્મ તા. ૫-૫-૧૯૪૮)

પ્રોફેસર અને વડા, અનુસ્નાતક એમ.બી.એ. વિભાગ

**યુ.જી.સી. તરફથી ખાસ અનુદાન મંજૂર થયું**

**અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગ**ને વૈજ્ઞાનિક સંશોધનના વિકાસ માટે વિભાગમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે વર્ષ ૨૦૦૯-૧૦ માટે **યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન તરફથી રૂપિયા વીસ લાખનું અનુદાન મંજૂર થયું છે.** અભિનંદન !

**સી.એ.એસ. હેઠળ અધ્યાપકોને પ્રમોશન**

૧. ડૉ. પ્રફુલ્લ એ. પટેલ, અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગ
તા. ૪-૭-૨૦૦૨ થી પ્રોફેસર (સીએએસ)

૨. ડૉ. જે.એમ. પંડ્યા, અનુસ્નાતક ઈતિહાસ વિભાગ
તા. ૫-૧૧-૨૦૦૭ થી પ્રોફેસર (સીએએસ)

૩. ડૉ. ડી. જે. ચૌહાણ, અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ
તા. ૭-૯-૨૦૦૬થી પ્રોફેસર (સીએએસ)

## રીસર્ચ પ્રોજેક્ટ મંજૂર થયો

અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના **ડૉ. સૌરભ એસ. સોની**નો સંશોધન પ્રોજેક્ટ : 'Development of high efficiency, low cost dye sensitized ksolar cells' ને ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ન્યુ દિલ્હીએ મંજૂર કર્યો છે. આ પ્રોજેક્ટની મુદત ત્રણ વર્ષની છે. પ્રોજેક્ટના ખર્ચ પેટે કુલ રૂા. ૨૦,૪૩,૫૮૧/-નું અનુદાન મંજૂર કરેલું છે. અભિનંદન !

## સરદાર પટેલ યુનિવર્સિટીને યુ.જી.સી. તરફથી પ્રાપ્ત થયેલું માતબર રૂા. ૧૨.૩૯ કરોડનું ઐતિહાસિક અનુદાન

ભારતમાં શૈક્ષણિક ક્ષેત્રે સંશોધન અને વિકાસના કાર્યોને ઉત્તેજન આપવા માટે દેશમાં આવેલ યુનિવર્સિટીઓ/કોલેજોને વિવિધ સંસ્થાઓ દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે. આવી સંસ્થાઓ પૈકી નવી દિલ્હી સ્થિત વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દેશભરની યુનિવર્સિટીઓને વિવિધ હેતુઓ-યોજનાઓ ઉપરાંત પંચવર્ષિય વિકાસ યોજનાઓ માટે અનુદાન આપે છે. દર પંચવર્ષીય યોજનાઓનું અનુદાન મંજૂર કરતાં પહેલા વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા નિમાયેલ નિષ્ણાંતો-તજજ્ઞોની ટીમ યુનિવર્સિટીઓની મુલાકાત લે છે અને પાછલા વર્ષોમાં યુનિવર્સિટીને મળેલ અનુદાનમાથી કરેલ વિકાસ કાર્યોનું મૂલ્યાંકન કરી અને આગળની પંચવર્ષીય યોજના માટે સબંધિત યુનિવર્સિટીને અનુદાન મંજૂર કરવા યુ.જી.સી., નવી દિલ્હીને ભલામણો કરે છે.

સરદાર પટેલ યુનિવર્સિટીની ૧૧મી પંચવર્ષીય વિકાસ યોજના માટેની દરખાસ્તો યુ.જી.સી., નવી દિલ્હીને મે ૨૦૦૭માં મોકલી આપી હતી. જેના સંદર્ભમાં યુ.જી.સી. દ્વારા નિમાયેલ તજજ્ઞોની ટીમે જુલાઈ ૨૦૦૮માં સરદાર પટેલ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને સદર વિઝીટીંગ કમિટીએ પોતાની ભલામણોનો અહેવાલ યુ.જી.સી.ને સુપ્રત કર્યો હતો.

તજજ્ઞોની ટીમે કરેલ ભલામણોનો યુ.જી.સી., નવી દિલ્હી સ્વીકાર કરીને સરદાર પટેલ યુનિવર્સિટીને ૧૧મી પંચવર્ષીય યોજનાના વિકાસ કાર્યો માટે રૂા. ૮૨૮.૭૫ લાખ, મર્જડ સ્કીમ માટે રૂા. ૪૦૫.૦૦ લાખ અને ઈન્ટરનલ ક્વોલિટી એસ્યોરન્સ સેલ માટે રૂા. ૫.૦૦ લાખનું અનુદાન મંજૂર કરી કુલ રૂા.૧૨૩૮.૭૫ લાખનું માતબર અનુદાન મંજૂર કરેલ છે. જે દસમી પંચવર્ષીય યોજના કરતા ૩.૪૩ ગણું વધારે મંજૂર કરેલ છે. ગત યોજનામાં પંચવર્ષીય યોજનાના વિકાસ કામો માટે રૂા. ૩૩૧.૩૦ લાખ અને અન્ય હેતુઓ માટે રૂા. ૩૦.૦૦ લાખનું અનુદાન મંજૂર કરેલ હતું.

આ અનુદાન મંજૂર થતાં યુનિવર્સિટીના સંશોધન અને વિકાસ કાર્યોને વેગ મળશે અને યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે. આ માટે કુલપતિશ્રી-ડૉ. બી.જી. પટેલ, કુલસચિવશ્રી-ડૉ. બી. નટરાજ, અધિકારીઓ, અધ્યાપકો તથા વહિવટી કર્મચારીઓના પ્રયત્નોને સફળતા મળતા અભિનંદનને પાત્ર બન્યા છે.

## Community Science Centre - SPU celebrates World Environment Day with Children's play

June 5 is celebrated every year as the World Environment Day (WED) to focus attention on issues related to environmental problems on our planet Earth. This year the theme of celebration was '*Your planet needs you; unite to combat climate change*'. The Day was observed at the C. C. Patel Community Science Centre (CSC) under SPU in Vallabh Vidyanagar, with a variety of programmes. In a function to mark the occasion, Mr. Dhavalbhai Patel of Vidyanagar Nature Club gave an interactive talk on global warming, and made it interesting with video clippings. Another interesting item was in the form of a conversation - play prepared and staged by four girl students: Shrima S. Bhatt, Prakruti D. Karia, Ruju Y. Vyas and Niharika D. Modi. The scientific play revolved around four unusual symbolic characters viz., Future, Solar-System, Earth and Life-form. The Future was projected as asking questions each to Solar-System, Earth and Life-form about their origin and evolution in time. The three in turn asked Future about their own future, to which the Future gave tips for maintaining good quality environment for Life to sustain on the Earth. Solar-System felt proud to have Earth as the only planet having Life, as per the present knowledge. During the half an hour drama, some useful comments and explanations were provided by Dr. Dinesh Karia of Mathematics Department, SPU. Director of the CSC, Prof. K. N. Joshipura outlined the objectives of the WED celebrations and stressed on the involvement of children in these programmes, as the future belongs to children. Science Communicators Neha A. Parab and Dipti G. Patel conducted the programme which was attended by children along wih their parents.

Earlier, on the eve of the WED viz., on June 4 - a special Earth Hour was observed by voluntarily switching off lights, fans etc including mobiles and fuel vehicles from 8.30 to 9.30 pm. This was done in response to an appeal made by the Community Science Centre. The Centre, working under the annual grants from GUJCOST - Government of Gujarat, Gandhinagar, plans to carry out a number of scientific programmes for the benefit of students, teachers and the general public of the entire Anand district.

## Five-year integrated M.Sc. (IST) Programme

Sardar Patel University has introduced a Five-year Integrated M.Sc. in Information and Technology [MSc (IST)] programme and a Four-year B.S. (IST) programme (2 years SPU + 2 years PSU) from the academic year 2009-10. This Course is a joint venture of Sardar Patel University, Vallabh Vidyanagar, India and Pennsylvania State University (Penn State), USA. Total 44 students will be enrolled in this integrated M Sc (IST) programme at G H Patel Post Graduate Department of Computer Science and TEchnology, Sardar Patel University. The syllabus of the first two years (or 4 semesters) of this programme parallels Penn State's College of Information Sciences and Technology curriculum (Information Systems : Design and Development or Information Technology : Integration and Application option). Satisfactory completion of this component will enable students to apply to and, if accepted, to enroll at Penn State. The number of such students will note be more than 24 and these selected candidates will have an opportunity to pursue their studies at Pennsylvania State University, USA for another 4 semesters. The Successful candidates will be awarded BS (IST) degree from Pennsylvania State University, USA. The r;emaining students out of the total admitted students will pursue their stu;dies at Sardar Patel University, Vallabh Vidyanagar for another 6 semesters and successful students will be awarded M Sc (IST) degree from Sardar Patel University, Vallabh Vidyanagar. Thus, the Course Duration for the M Sc (IST) at Sardar Patel University will be 5 years (divided into 10 semesters) and for BS (IST) at Penn State University, 4 years (divided into 2 years at SPU and 2 years at PSU). The candidates who have passed their higher secondary (10+2) certificate examination or equivalent thereto, i.e. CBSE, IGCSE (A level) in Science Stream from any State Secondary Education Board in India/recognized Institutions with minimum 50% are eligible to apply to this course.

## Proposed Examination Bhavan

Sardar Patel University, Vallabh Vidyanagar has planned to build a four storey Examination Bhavan to facilitate students, teachers and examination administrative staff in conducting various University examinations and other examination related works; such as assessment, preparation of results in a conducive environment with appropriate infrastructural facilities. The Administrative and the Building Committee of Sardar Patel University has already approved this proposal. This unique Bhavan is to have all modern amenities such as canteen and plaza on the ground floor, two lifts, and special arrangement regarding easy access of handicaps to the Bhavan etc. This Bhavan will have each of the four floors equipped with a storage as wll as a supervisor room having a CCTV camera, a computer and wash rooms. Apart from this, the building would be constructed with a view to have direct access both the Main Administrative Unit and University Press. This building will ensure the centralization of examination - related works of the whole University, be it paper setting, holding examinations, assessment and result-preparation. This Examination Bhavan is another step taken by the University in the direction of its infrastructural sophistication.

...અનુસંધાન પાન ૮થી ચાલુ

મિથેનોલ એટલે બધો ઝેરી છે કે એક ચમચી (10 ml) જેટલો પણ પીવાઈ જાય તો હંમેશના માટે પીનારને અંધાપો આવી જાય છે. ને અક પ્યાલી (100 થી125 ml) પીવાઈ જાય તો તો રામ બોલો ભાઈ રામ... સીધી ઉપરની ટીકીટ ફાટી જાય છે ! પણ તરત ફેંસલો નથી આવી જતો. પીનાર બરાબરનો રીબાય છે. શરીરમાં આ ઝેર ફેલાતા ઘણા કલાકો લાગે છે. આમ મોત પણ હપતે હપતે આવે છે. એનું મોટું પ્રાયશ્ચિત કરવું પડે છે. આ સમય દરમિયાન દર્દીને તબીબી સારવાર મળી જાય તો એ બચી શકે ખરો.

મિથેનોલ આપણા શરીરમાં દાખલ થઈ જાય તો એ બે રીતે આપણી પથારી ફેરવી નાખે. એક તો એ આપણા ચેતાતંત્ર (નર્વસ સીસ્ટમ)ને ખોરવી નાખે. બીજું એ શરીરમાં જાય તો વિચિત્ર, જોખમી રાસાયણિક પ્રક્રિયાઓ આરંભાય છે. ને વાયા ફોર્માલ્ડીહાઈડ થઈને અત્યંત ઝેરી એવા ફોર્મિક એસિડનું નિર્માણ થાય છે. (કીડીનો ચટકો એ બીજું કશું નહીં પણ ફોર્મિક એસિડનો પરચો હોય છે. કીડી આપણા શરીરમાં ટચૂકડી માત્રામાં ફોર્મિક એસિડનું ઈન્જેકશન મૂકે છે. માટે જ તો કીડીને ફોર્મિકા કહેવાય છે.) આ ફોર્મિક એસિડથી આપણા લીવરને મોટા પાયે નુકસાન થાય છે. એનાથી આપણી દેહધાર્મિક ક્રિયાઓ ખોરવાઈ જાય છે.

આ પનોતી બેસે કઈ રીતે ? શરૂઆતમાં માથુ દુઃખે, ઉંઘ આવ્યા કરે, ઉલટીની શંકા થયા કરે, અસમંજસ અનુભવાય. આટલે થી કાંઈ પુરૂ થતું નથી. દસ થી ત્રીસ કલાક બાદ તકલીફોનો બીજો દોર શરૂ થાય છે. એમાં આખેં ઝાંખપ અનુભવાય છે, અંધાપો આવે છે અને શરીરમાં ફોર્મિક એસિડ વધારે પ્રમાણમાં જમા થવાથી સખત એસીડીટી-આમ-થઈ જાય છે. પરિણામ ? શ્વાસોશ્વાસની ક્રિયા અટકી જાય છે. ને આખરે વારતા પૂરી થઈ જાય છે !

આ અસર ઓછી કે નાબુદ કરવાની સારવાર, એનો ઉપચાર પણ રસપ્રદ છે. મિથેનોલની અસર ઈથોનોલ (ઉચ્ચ કક્ષાનો શુદ્ધ દારૂ !!) કે ફોમેપીઝોલ નામના રસાયણથી દૂર કરી શકાય છે. આપણા શરીરમાં ડીહાઈડ્રોજીનેઝની પ્રક્રિયા થવા લાગે છે ત્યારે મિથેનોલ-ઈથેનોલ વચ્ચે હરિફાઈ થાય છે. ને ઈથેનોલ ફોર્મિક એસિડ બનતો અટકાવે છે. આ પ્રક્રિયા દરમિયાન કિડની વાટે મિથેનોલની શરીર બહાર નિકાસ થાય છે.

આ તો ઝેરનું મારણ ઝેર થયું ! હોમિયોપેથીમાં, આયુર્વેદમાં પણ આવો સિદ્ધાન્ત કામ કરે છે. સાહિત્યમાં એરિસ્ટોટલે ટ્રેજડી સંદર્ભે કેથાર્સિસનો સિદ્ધાંત પણ કાંઈક આવી રીતે જ આપ્યો છે ! પણ ઝેર આખરે તો ઝેર છે. આપણે શરીરમાં શું જવા દેવું, શેનાથી દૂર રહેવું એનો વિવેક આખરે તો આપણે જ કરવાનો છે. આમેય ગુજરાત વિવેક બૃહસ્પતિ તરીકે ઓળખાવાયું છે. ગાંધીબાપુના ગુજરાતમાં આપણે કમ સે કમ આટલો સાદો વિવેક તો ન જ ચૂકીએ.

**- ડૉ. ઉજ્જવલ ત્રિવેદી**

# વિજ્ઞાનની નજરે : ‘ઝેરી કેફી પીણા’ની કેમેસ્ટ્રી

આપણે મહાત્મા ગાંધીના ગુણવંતી ગુજરાતમાં વસીએ છીએ. ગુજરાતમાં નશાબંધીનો કાયદો છે. આમ છતાં એકાદ બે દાયકામાં આપણે ત્યાં નશાબંધીને લગતી કોઈ ને કોઈ હોનારત થાય છે. દેશ આખામાં આપણું નીચાજોણું થાય છે.

પછી તો સમૂહ માધ્યમો થોડા દિવસ કાગારોળ કરી મૂકે છે. એકબીજાની ચડસાચડસીએ ઉતરે છે. આ અંગેના અવનવાં તથ્યો ઉજાગર કરે છે. આપણને સવાલ થાય છે કે આ લઠ્ઠો છે શું ? વિજ્ઞાન એને કઈ રીતે જુએ છે ? શી છે એની કેમેસ્ટ્રી ? આપણા શરીરને એ કઈ રીતે નુકશાન કરે છે ?

આ માટેનો ખરેખરો વિલન-ખલનાયક-છે - મિથેનોલ, એટલે કે મિથાઈલ આલ્કોહોલ - એ અત્યંત ઝેરી છે. ને આપણે જેને દારુ, મદિરા, શરાબ, વાઈન, બીયર કે એવાં બીજાં નામોથી ઓળખીએ છીએ તે છે ઈથેનોલ. ઈથાઈલ આલ્કોહોલ. આ બન્ને હમશકલ છે. બન્નેના રાસાયણિક બંધારણમાં પણ જરીક જ ફેર છે. ઈથેનોલનું બંધારણ છેઃ



ને મિથેનોલનું બંધારણ છે.



OH - આલ્કોહોલ પરિવારના બે સભ્યો. એક જ ડાળના પંખી કહોને. ફેર છે માત્ર $CH_2$ નો.

ઈથેનોલમાં $CH_2$ ગૃપ વધારે છે. પરિણામે એ મિથેનોલથી જુદો પડે છે. બાકી બન્નેના ગુણધર્મો ખૂબ જ મળતા આવે છે. આ બન્ને બનાવવામાં આવે છે આથવણની પ્રક્રિયાથી. વિજ્ઞાનમાં આ પ્રક્રિયા ફર્મેન્ટેશન તરીકે ઓળખાય છે.

જે બધી બબાલ થાય છે તે આ '$CH_2$' થી થાય છે. મિથેનોલમાં $CH_2$ નથી તો એ અત્યંત ઝેરી બની જાય છે. ઈથેનોલમાં $CH_2$ વધારે છે તો એ માણસને નશો કરાવે છે. લાંબાગાળે એ નુકસાનતો કરે જ છે. પરંતુ એ તાત્કાલિક તો ‘મધુશાલા’નો અનુભવ કરાવે છે.

ઈથેનોલ અને મિથેનોલ બન્ને છે તો ખૂબ જ ઉપયોગી રસાયણો. ઉદ્યોગોમાં એનો મોટા પાયે ઉપયોગ થતો હોય છે. સસ્તો, દેશી દારૂ બનાવવામાં ઈથેનોલ જ વપરાય છે. પરંતુ લગભગ સરખા ગુણધર્મોને લીધે ગફલતથી મિથેનોલ વપરાઈ જાય ત્યારે સર્જાય છે આ કરુણ વિભિષિકા. ને એની ખબર પડે છે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. પછી તો ઘોડો ભાગી ગયા બાદ તબેલાને તાળુ મારવાની કવાયત આદરવામાં આવે છે.

*...અનુસંધાન પાન ૭ પર*

## Subscribe Today

**Annual**
Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**
Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.